# રાજ્યમંત્રી જાડેજા સહિત ૧૪ નવા કોરોનામાં સપડાયા

## સારવાર દરમિયાન સે. ૨૬ ના દર્દીનું મોત : સે. ૨૬માં ૩, સે. ૪માં ૨, સે. ૨માં ૨ ઉપરાંત સે. ૨૩, ૧૯, ૨૦, ૧૭, ૨૫, ૭ અને ૩ માંથી કેસ મળ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૪ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૭૭૬ થઈ છે.

સારવાર દરમ્યાન આજે શહેરના એક દર્દીનું મોત થયુ છે. આ દર્દીને ત્રણ દિવસ પહેલાં જ સારવાર માટે દાખલ કરવામાં આવ્યાનું જાણવા મળેલ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં રાજ્યમંત્રી જાડેજા, માર્કેટીંગ મેનેજર, એડવોકેટ, પેન્શન પ્રભાગના એકાઉન્ટન્ટ, એચ.ડી.એફ.સી. બેંકના કર્મયોગી, પંચાયત ભવનના ફૂકનો સમાવેશ થાય છે.

આજે પણ સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન ધરાવતા સે. ૨૬ માંથી ૩ કેસ, સે. ૪ માંથી ૨ કેસ, સે. ૨ માંથી ૨ કેસ ઉપરાંત સે. ૨૩, સે. ૧૯, સે. ૨૦, સે. ૧૭, સે. ૨૫, સે. ૭ અને સે. ૩ માંથી કેસ મળી આવ્યા છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨૬ માંથી આજે ૩ કેસ પુરૂષ દર્દીના મળી આવ્યા છે.

એચ.ડી.એફ.સી. બેંકના લોન ડિપાર્ટમેન્ટના ૩૨ વર્ષીય કર્મયોગી જે સે. ૨૬ માં રહે છે તેનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૬ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

સે. ૨૬ માં રહેતા અને એસ.ટી. ડેપોમાં વાયરમેન્ટ તરીકે સેવારત ૩૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તંત્રએ વાયરમેનના પરિવારની એક વ્યક્તીને હોમ ક્વોરોન્ટાઈન કરી છે. વાયરમેને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માંથી ૩જો કેસ એક નિવૃત્ત કર્મયોગીનો નોંધાયો છે. ૭૦ વર્ષની વય ધરાવતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૩ માંથી એક ૧૩ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ વિદ્યાર્થીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. તંત્રએ વિદ્યાર્થીના પરિવારના ૮ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

રાજ્યમંત્રી હકુભા જાડેજાનો કોરોના રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેઓ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના પ્રવાસમાં સક્રિય રીતે સામેલ થયાનું જાણવા મળેલ છે. તેમનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે યુ.એન. મહેતામાં દાખલ કરવામાં આવ્યા છે. ભાજપના ધારાસભ્યો અને કોંગ્રેસના ધારાસભ્યો પછી આજે પહેલીવાર રાજ્યમંત્રીમંડળના મંત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સચિવાલય સંકુલ અને મંત્રીઓના નિવાસસ્થાન વિસ્તારમાં સન્નાટો વ્યાપી જવા પામ્યો છે.

રાજ્યના મુખ્યમંત્રી રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે તેમની તબિયતના ખબરઅંતર પુછ્યા હતા.

તંત્રએ મંત્રીના પરિવારના બે સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે. રાજ્યમંત્રીમંડળ સુધી કોરોના વિસ્તરતાં આજે તંત્રની દોડધામ વધી જવા પામી હતી. સનદી અધિકારીઓ, આઈપીએસ અધિકારીઓ, સચિવાલયના અધિકારીઓ બાદ કોરોનાએ આ નવો વળાંક લીધો છે.

સે. ૪ માંથી આજે પણ વધુ બે કેસ મળી આવ્યા છે. સે. ૪ નો વિસ્તાર કોરોના માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

સે. ૪ માંથી આજે એક ૨૩ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ

● અનુસંધાન પાના - ૭ પર

# સરકારી તંત્રો વચ્ચે પાટનગરમાં જ સંકલનનો ભારે અભાવ !

## કોરોનાના આંકડામાં છેલ્લા એક સપ્તાહથી સતત તફાવત આવે છે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કોવિડ સંક્રમણના કેસોને લઈ સરકાર દ્વારા જાહેર થતાં આંકડા અને જિલ્લાતંત્ર દ્વારા જાહેર થતાં આંકડાઓમાં ભારે વિસંગતતાઓ જોવા મળી રહી છે.

આજે રાજ્ય સરકાર સમગ્ર જિલ્લામાં ૩૮ કેસ બતાવે છે. જિલ્લાતંત્ર ૨૯ કેસ જ બતાવે છે. શહેરમાં સરકાર કરતાં એક કેસ વધુ બતાવવામાં આવ્યો છે. જ્યારે જિલ્લામાં સરકાર ૨૫ કેસ કહે છે અને જિલ્લાતંત્ર માત્ર ૧૫ કેસ કહે છે.

રાજ્યના પાટનગરમાં જ સચિવાલય અને જિલ્લાતંત્ર વચ્ચે ૨૦૦ મીટરનું અંતર માંડ હશે પણ આંકડાઓ વચ્ચે બે તંત્ર વચ્ચે સંકલન જોવા મળતુ નથી. જિલ્લામાં ટેસ્ટ, ટ્રેક અને ટ્રીટમેન્ટની વાતો થાય છે. પણ જિલ્લાના અધિકારીઓ કોઈક દબાણ નીચે કામગીરી કરતા હોય તેવુ ભાસે છે. સાચી હકીકતોથી પ્રજાને વાકેફ કરવાને બદલે તંત્ર જ આંકડા છુપાવે છે.

એન્ટીજન ટેસ્ટ તેમજ ખાનગી લેબોરેટરી દ્વારા થતા ટેસ્ટના પરિણામો અંગે પણ તંત્ર દ્વારા સુયોગ્ય સંકલન નહિ થતુ હોવાની વાતોએ જોર પકડ્યુ છે. તંત્ર એક તરફ કોરોનાનો ચેપરેટ ઘટી રહ્યાની વાતો કરી ભ્રમિત કરવાની દિશામાં વધુ વ્યસ્ત જણાય છે. છેલ્લા એક સપ્તાહથી સતત આ વિસંગતતાઓ આંકડાને લઈ આવી રહી છે.

# રાજ્ય સરકાર કહે છે ૨૫ કેસ સ્થાનિક તંત્ર કહે છે ૧૫ કેસ

## સારવાર દરમિયાન વધુ બે દર્દીના મોત : ગાંધીનગર-કલોલમાં ૭-૭ કેસ, માણસામાં ૧ કેસ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૧૫ કેસ કોરોના પોઝીટીવના નોંધાયા છે જો કે સરકારે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૫ કેસ નોંધાયા હોવાનું તેની સત્તાવાર યાદીમાં જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસો પૈકી આજે વધુ ૨ દર્દીના મોત થયા છે. આ બે દર્દીના મોત થતાં જ તંત્રમાં સન્નાટો વ્યાપેલો જોવા મળી રહ્યો છે. મળતી વિગતો પ્રમાણે આજે એક પુરૂષ દર્દી અને એક મહિલા દર્દીનું સારવાર દરમ્યાન મોત થયુ છે. કલોલ શહેર અને કલોલ ગ્રામ્યમાં થયેલા મોતના અહેવાલોથી કલોલ તાલુકામાં પણ શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

ગ્રામીણ વિસ્તારના દર્દીઓના મૃત્યુદર અંગે તંત્ર સાવ મૌન સેવી રહ્યુ હોવાથી લોકોમાં તંત્ર સામે હવે શંકાની નજરે જોતા થઈ ગયા છે. જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં વધી રહેલા મૃત્યુદર અંગે વારંવાર સમીક્ષા બેઠકમાં પણ ચર્ચાઓ થઈ હોવાની વાતો બહાર આવી છે. જો કે કોરોના ઉપરાંત અન્ય બિમારીને લઈ દર્દીઓના મોત થયા હોવાની વાતો તંત્ર કહી રહ્યુ છે પણ કોઈ સ્વીકાર કરતુ નથી.

જિલ્લાના ગ્રામીણ વિસ્તારમાં જે ૧૫ કેસ નોંધાયા છે તેમાં ગાંધીનગરના ૭, કલોલના ૭ અને માણસાના એક કેસનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના સરઢવ ગામે આજે ૭૮ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમજ ૬૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરઢવમાંથી થોડા દિવસ બાદ કોરોનાના એક સાથે બે કેસ નોંધાયા છે.

અડાલજમાંથી એક ૬૭ વર્ષીય પુરૂષનો, રાયસણમાંથી ૭૩ વર્ષીય વૃદ્ધનો, પેથાપુરમાંથી ૬૭ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આ ઉપરાંત હોટસ્પોટ કુડાસણ ગામેથી એક ૫૭ વર્ષીય મહિલા તેમજ શેરથા ગામેથી એક ૮૦ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આજે ગ્રામ્ય વિસ્તારમાંથી એક કેસ મળ્યો છે. પરબતપુરા ગામેથી ૪૦

● અનુસંધાન પાના - ૭ પર

# શહેરમાં દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદના હળવા ઝાપટા

## સતત વરસાદી વાતાવરણના લીધે જનજીવન પ્રભાવિત : વાતાવરણમાં ઠંડક : સેકટરોમાં વરસાદી સમસ્યાઓની ભરમાર

ગાંધીનગર તા ૨૮

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદી માહોલ યથાવત છે. રોજબરોજ વરસાદ હાજરી પુરાવી જાય છે. દિવસ દરમિયાન મોટાભાગે વાદળિયુ વાતાવરણ છવાયેલુ રહે છે. જયારે શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૩૧ ઈંચ જેટલો વરસાદ થઈ ગયો છે. આજે પણ દિવસ દરમિયાન બે થી ત્રણ હળવા વરસાદી ઝાપટાના લીધે સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાયા હતા જયારે વરસાદી માહોલ વચ્ચે કાદવ કીચ્ચડ વચ્ચે ગંદકી હઠીલી બનતી જાય છે. ત્યારે સફાઈ સહીત જીવાત મચ્છરોનો ઉપદ્રવ પણ આગામી દિવસોમાં રોગચાળાનુ કારણ બને તેવી સ્થિતિ છે.

ગાંધીનગરમાં છેલ્લા એક સપ્તાહથી વરસાદ રોજ હાજરી પુરાવે છે. શહેરમાં તોફાની વરસાદની સાથે છેલ્લા બે ત્રણ દિવસથી ઝરમર વરસતા



વરસાદના લીધે સતત ભીંજારોનો માહોલ જોવા મળી રહ્યો છે. જેના લીધે સેકટરોમાં વરસાદી સમસ્યા પણ નાગરિકો માટે મુંઝવણનુ કારણ બની રહી છે. આજે પણ દિવસ દરમિયાન સવારથી જ વાદળિયુ વાતાવરણ જોવા મળ્યુ હતુ બપોરે થોડીવાર વરાપ નિકળ્યા બાદ સાંજના સમયે આકાશમાં ફરી વરસાદી વાદળો ઘેરાઈ આવ્યા હતા. આકાશમાં વરસાદી વાદળો વચ્ચે વરસાદી ઝાપટુ વરસતા શહેરમાં ઠંડકનુ મોજુ ફરી વળ્યુ હતુ. વરસાદી સાંજ નિખરતા નગરનુ જનજીવન પણ પ્રભાવિત થયુ હતુ. શહેરમાં સિઝનનો સો ટકાથી વધુ વરસાદ થઈ ગયો છે. જયારે હજુ પણ આગામી બે ચાર દિવસ ભારે વરસાદની સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે. સતત વરસાદના લીધે શહેરમાં ઠેર ઠેર વરસાદી સમસ્યાઓ જોવા મળી રહી છે. જયારે કોરોનાના કહેર વચ્ચે વરસાદ પણ હવે સમસ્યારૂપ બનતા નાગરિકો ભીંજારાના માહોલથી તોબા પોકારી ગયા છે.



# ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી બોર્ડે આન્સર કી સાઈટ પર મુકી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા તા ૨૪ ઓગષ્ટના રોજ લેવાયેલી ગુજકેટની પરીક્ષાને અનુલક્ષી ભૌતિક વિજ્ઞાન, રસાયણ વિજ્ઞાન, જીવ વિજ્ઞાનના વિષયને અનુલક્ષી ગુજરાતી તેમજ અંગ્રેજી માધ્યમના તજજ્ઞો દ્વારા આન્સર કી તૈયાર કરી બોર્ડની વેબસાઈટ પર મુકવામાં આવી છે. જયારે આન્સર કી અંગે તા ૧ સપ્ટેમ્બર સુધીમાં વિષય અને માધ્યમ મુજબ પ્રશ્નદીઠ અલગ અલગ રજુઆત કરવાની રહેશે. જયારે પ્રશ્નદીઠ રૂ ૫૦૦ ચલણથી ભરવાના રહેશે. તેમ પણ શિક્ષણ બોર્ડના નાયબ પરીક્ષા નિયામક જે જી પંડયાએ જણાંવ્યુ છે.

# જિલ્લાના ૪૪૩ દવાખાનાઓમાં ૨૪૨ સ્થાનો પરથી મચ્છરોના પોરા મળ્યા

## દવાખાને જતા પહેલા કાળજી રાખજો મચ્છર ના કરડે..! ગાંધીનગરના દવાખાના-હોસ્પિટલમાં સૌથી વધુ સ્થાનો પર મચ્છરોના પોરા મળ્યા

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લાની મેલેરિયાતંત્રની ટીમે આજે દવાખાના અને હોસ્પિટલોમાં મચ્છરોની ઉત્પત્તિ અંગે તપાસ હાથ ધરતાં ૨૪૨ જગ્યાઓથી



પોરા મળી આવતાં જિલ્લાના આરોગ્યતંત્રની સાથે સાથે મેડીકલ ફિલ્ડ પણ ચોંકી ઉઠ્યુ હતુ.

જિલ્લા મેલેરિયાતંત્ર દ્વારા છેલ્લા ત્રણ દિવસથી મચ્છરોના ઉત્પત્તિ કેન્દ્રો શોધવા અંગે એક સઘન અભિયાન ચાલી રહ્યુ છે. આજે તંત્રએ એક દવાખાનુ/હોસ્પિટલના સંચાલકને ભારે બ્રિડીંગ મળી આવતાં નોટીસ પણ થમાવી દીધી છે.

તંત્રની સત્તાવાર યાદીમાં જણાવ્યા મુજબ ૪૪૩ દવાખાના-હોસ્પિટલોની મુલાકાત ટીમોએ લઈ ૩૧૬૩ મચ્છર ઉત્પત્તિ સ્થાનોની તપાસ કરી હતી જેમાં ૨૪૨ જગ્યાએ મચ્છરોના પોરા જોવા મળ્યા હતા. આ તમામ પોરાઓનો તંત્રની ટીમ દ્વારા એન્ટી લારવેલની કામગીરી કરી નાશ કરવામાં આવ્યો હતો.

તંત્ર દ્વારા ૧ દવાખના-હોસ્પિટલને નોટીસ પણ મચ્છરોના ભારે બ્રીડીંગ મળતાં થમાવી દેવામાં આવી હતી. તંત્રએ આજે ૪૪૩ દવાખાના નોડલને મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા માટે તાલિમ પણ આપી હતી.

જિલ્લા મેલેરિયાતંત્રની ટીમે આજે તમામ પ્રા.આ. કેન્દ્રો, સામુહિક આરોગ્ય કેન્દ્ર, અર્બન હેલ્થ સેન્ટર, સબ સેન્ટર, ડિસ્પેન્સરી, સરકારી તથા ખાનગી દવાખાના હોસ્પિટલ, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ, આયુર્વેદ હોસ્પિટલ તેમજ સાર્વજનિક હોસ્પિટલોમાં આ તપાસ હાથ ધરી હતી. મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના ૧૮૩ દવાખાના હોસ્પિટલોની તપાસમાં ૧૮૩૩ જેટલા સંભવિત ઉત્પત્તિ સ્થાનોની તપાસ હાથ ધરી હતી. જેમાં ૧૧૭ જગ્યાએ પોરા મળી આવ્યા હતા.

દહેગામ તાલુકામાં ૭૦ દવાખાના હોસ્પિટલોમાં થઈ ૨૯૮ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિસ્થાનોમાં તપાસ કરાઈ હતી જેમાં ૬ સ્થાનોએ પોરા મળી આવ્યા હતા. દહેગામમાં એક દવાખાના-હોસ્પિટલને નોટીસ પણ તંત્ર દ્વારા આપવામાં આવી હતી.

કલોલ તાલુકામાં ૧૦૭ દવાખાના-હોસ્પિટલોની તપાસ દરમ્યાન ૬૩૪ જેટલા સંભવિત મચ્છર ઉત્પત્તિ સ્થાનોની ચકાસણી કરી હતી જેમાં ૨૫ સ્થાનોએથી પોરા મળી આવ્યા હતા.

માણસા તાલુકાના ૮૩ દવાખાના-હોસ્પિટલોની ચકાસણી તંત્રની ટીમો દ્વારા હાથ ધરાઈ હતી. જેમાં ૩૯૭ સંભવિત ઉત્પત્તિ કેન્દ્રોમાંથી ૯૪ સ્થાનો પર પોરા મળી આવ્યા હતા.

આમ તંત્રની ટીમોએ ચારે તાલુકામાં તપાસ કરી હતી. ગાંધીનગરમાં સૌથી વધુ સ્થાનોએ પોરા મળી આવ્યા હતા.

# ફોર વ્હીલરની નવી સીરીઝ જી.જે.૧૮ બી.એન. માટે પસંદગીના નંબરોની હરાજી થશે

## હરાજીમાં ભાગ લેવા માટે ૧ થી ૪ સપ્ટેમ્બરમાં અરજી કરવાની રહેશે : ૮ સપ્ટેમ્બરે પસંદગીના નંબરોની હરાજીનુ પરિણામ જાહેર થશે

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા વાહનમાલિકોને પસંદગીના નંબરો મળી રહે તે માટે ગોલ્ડન તેમજ સિલ્વર નંબરોની હરાજી કરવામાં આવે છે. ઓનલાઈન હરાજીની આ પ્રક્રીયાના અંતે વાહનમાલિકોને પસંદગીના નંબરોની ફાળવણી થાય છે. આગામી દિવસોમાં ફોર વ્હીલરની નવી સીરીઝ જી જે ૧૮ બી એન ને અનુલક્ષી પસંદગીના નંબરો માટે હરાજી કરવામાં આવશે.

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ફોર વ્હીલરના વાહનો માટે નવી સીરીઝ શરૂ કરવામાં આવશે. જી જે ૧૮ બી એન ની આ નવી સીરીઝને અનુલક્ષીને પસંદગીના નંબરોની હરાજી કરવામાં આવનાર છે. ફોર વ્હીલરો માટે ગોલ્ડન તેમજ સિલ્વર નંબરોની હરાજીની પ્રક્રીયા પારદર્શક રીતે કરવામાં આવશે. નવી સીરીઝના નંબરોને અનુલક્ષીને ઓનલાઈન હરાજી કરવામાં આવશે. ઓનલાઈન અરજી કરવા માટેનો સમય તા ૧ થી ૪ સપ્ટેમ્બર દરમિયાન રાખવામાં આવ્યો છે. જયારે ઈ ઓકશનનો બીડીંગ કરવાનો સમય તા ૫ થી ૭ સપ્ટેમ્બર દરમિયાનનો રાખવામાં આવ્યો છે. તા ૮ સપ્ટેમ્બરના રોજ હરાજીનુ પરિણામ જાહેર કરાશે આ હરાજીમાં ભાગ લેનાર વાહનમાલિકોએ વેબસાઈટ પર લોગઈન કરીને વાહન ખરીદીના દિવસ-૭ ની અંદર ઓનલાઈન સી એન એ ફોર્મ ભરવાના રહેશે. હરાજીની પ્રક્રીયામાં ભાગ લેનારે ચુકવણુ કરવુ અને વાહનનો નંબર મેળવવો અરજદારો હરાજીની પ્રક્રીયા પુર્ણ થયા બાદ પાંચ દિવસમાં પૈસા જમા કરાવાના રહેશે. જો આ નિયમ મુજબ સમય મર્યાદામાં નાણા ચુકવવામાં નિષ્ફળ જાય તો મુળ રકમને જપ્ત કરી ફરીવાર હરાજી કરવામાં આવશે. ઓનલાઈન હરાજી માટે આર બી આઈ દ્વારા નક્કી કરાયેલા દરે ચાર્જ વસુલવામાં આવશે. ગાંધીનગર આર ટી ઓ કચેરીમાં પણ કોરોના કહેર વચ્ચે છેલ્લા ઘણાં સમયથી સુનકાર જોવા મળતો હતો આડા દિવસોમાં ધમધમતી આર ટી ઓ કચેરીમાં અરજદારો અત્યંત જરૂરી કામ સિવાય આવવાનુ ટાળી રહ્યા છે.

# રાજ્ય સરકાર બાગાયતી ખેતી માટે વિશેષ નીતિ વિધાનસભા સત્રમાં જાહેર કરશે

## ૨૦૦૫ માં કૃષિનીતિ જાહેર કર્યા બાદ તેમાં સુધારા-વધારા થયા પણ હવે પ્રાકૃતિક ખેતી અને બાગાયતી ખેતી માટે ખાસ પ્રોત્સાહક નીતિ : ફાજલ જમીન ખેડૂતોને ફાળવી સોલાર ઊર્જાનું ઉત્પાદન વધે તે પણ પ્રયાસ

ગાંધીનગર, તા. ૨૮

દોઢ દાયકા બાદ ગુજરાત સરકાર રાજ્યમાં બાગાયતી પાકોના વાવેતર માટે કિસાનો પ્રોત્સાહિત થાય તે અંગે અલગથી નીતિ લાવવાની તૈયારીમાં વ્યસ્ત થઈ છે.

રાજ્યના કૃષિ વિભાગ દ્વારા ખાસ બેઠકો પણ યોજવામાં આવી રહી છે અને પાવર પોઈંટ પ્રેઝન્ટેશનો પણ તૈયાર કરવામાં આવી રહ્યા છે.

ખેડૂતોની આવક બમણી કરવાની દિશામાં હવે સક્રિય થઈ ગઈ છે. જેમાં પરંપરાગત ખેતી ઉપરાંત બાગાયતી પાકો તરફ પણ ગુજરાતના ખેડૂતો આકર્ષાય તેવો હેતુ તંત્ર સેવી રહ્યુ છે.

કૃષિ વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકાર પાસે જે ફાજલ જમીનો ઉપલબ્ધ છે તે તેમજ નદીના કોતરોની આસપાસ નવસાધ્ય કરેલી જમીનોની ઉપલબ્ધિઓ અંગેનો ડેટા તૈયાર કરી લેવામાં આવ્યો છે. નવી પ્રોત્સાહક નીતિમાં જે ખેડૂતો પાસે હાલ જમીન નથી તેમને આ જમીન ફાળવી અને બાગાયતી પાકોના વાવેતરને પ્રોત્સાહન આપવામાં આવશે.

આ ઉપરાંત વીજ કનેક્શન તેમજ પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે સરકાર ગેરંટરની ભૂમિકા અદા કરે તેવા સંકેતો પણ મળી રહ્યા છે.

રાજ્યમાં થર્મલ વીજ નહિ સોલાર ઊર્જાને પણ આ માટે પ્રોત્સાહન આપશે. આનાથી ખેડૂત પગભર બનશે તેમજ તેને આર્થિક ભારણ પણ સહન નહિ કરવુ પડે. સરકારની આ નવી બાગાયતી ખેતીને વિધાનસભાના સત્ર દરમ્યાન ઘોષિત કરવામાં આવે તેવા સંકેતો પણ વિભાગના સૂત્રો આપી રહ્યા છે.

એગ્રી કલ્ચરલ સેન્સસ ૨૦૦૫ માં થયુ ત્યારે સરકારે કૃષિનીતિની જાહેરાત કરી હતી. આ પછી એગ્રી કલ્ચરલ સેન્સેસ પણ જે દર પાંચ વર્ષે થવુ જોઈએ તે થતુ નથી. ખેતીમાં ફાજલ ક્ષમ પણ વધતો જાય છે. ગ્રામીણ વિસ્તારોને તુટતા બચાવવા હવે ગ્રામીણ અર્થતંત્રને પુનઃ જીવંત કરવા માટે સરકારે નવી બાગાયતી ખેતીની દિશામાં આગળ વધી અને અલાયદી નીતિ બનાવવા માટે મન બનાવ્યુ છે.

સરકારે ગ્રીનહાઉસ સહિતના પ્રોજેક્ટ્સ પણ અમલી બનાવ્યા હતા. સરકારનું માનવુ છે કે બાગાયતી ઉત્પાદનોની વૈશ્વીક માંગ વધી રહી છે ત્યારે ગુજરાતના ખેડૂતની સમૃદ્ધિ માટે આ નવી નીતિ તેના દ્વાર ખોલશે.

● અનુસંધાન પાના - ૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com